બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલ પત્ર : બાળ સત્સંગ - બીજી

| | |
|---|---|
| ગુણ | - ૯૫ |
| સારા અક્ષરના ગુણ | - ૫ |
| કુલ ગુણ | - ૧૦૦ |

(સમય : સવારે ૯ થી ૧૧) (રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાઠ/પાનાં નંબર દર્શાવે છે.

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ |   ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

બાળ સત્સંગ-૨ : બારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦

## વિભાગ - ૧

**પ્ર.૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૧૦)**

૧. પાંચ (૬બ/૫૮) ૨. ઘરમંદિર (૩બ/૫૫) ૩. ૧૯૭૮ (૧૨બ/૬૮) ૪. વાસણ ઉટકવાનું (૧૪બ/૭૨)
૫. તિલક (૧૬બ/૭૪) ૬. દશમ (૯અ/૧૭) ૭. તેર પૈસા (૧૫અ/૩૦) ૮. પાઘ (૨૫અ/૫૦)
૯. નિર્ગુણાનંદ (૫અ/૯) ૧૦. ખંભાત (૧૩અ/૨૫)

**પ્ર.૨. નીચે આપેલા ખરા વાક્યની સામે '✔' (ખરા)ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે '✗' (ખોટા)ની નિશાની કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ખોટું - ✗ (૪અ/૯) ૨. ખરું - ✔ (૮અ/૧૫) ૩. ખરું - ✔(૧૨અ/૨૩) ૪. ખરું - ✔ (૧૪અ/૨૭)
૫. ખોટું - ✗ (૧૮અ/૩૫) ૬. ખોટું - ✗ (૨૧અ/૪૧) ૭. ખરું - ✔(૯બ/૬૫) ૮. ખોટું - ✗ (૧૫બ/૭૩)
૯. ખોટું - ✗ (૧૭બ/૭૪) ૧૦. ખોટું - ✗ (૧૯બ/૮૧)

**પ્ર.૩. નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ઘરમંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામીની મૂર્તિઓ પધરાવાય. (૩બ/૫૪)
૨. બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના સ્થાપક શાસ્ત્રીજી મહારાજ. (૬બ/૫૮)
૩. સાધુ થવા શાંતિલાલે ૧૭ વર્ષની ઉંમરે ઘર છોડ્યું. (૧૨બ/૬૯)
૪. પાણી ભરવા જતાં શ્રવણને રાજા દશરથનું તીર વાગ્યું. (૨૦બ/૮૪)
૫. ઉકાખાચર નદીનો આખો રસ્તો સાફ કરવાની સેવા કરતા. (૨૩અ/૪૫)
૬. પ્રાગજી ભક્ત તેમના બાળમિત્રોને કહેતાઃ 'હું તો બધું ભણેલો છું. આપણે તો પ્રભુ ભજવા અને ભજાવવા છે.' (૪બ/૫૬)
૭. સુંદરજીનું અભિમાન ઉતારવા શ્રીજીમહારાજે ઠાકોર, જાગીરદાર, જમીનદાર, શેઠિયા જેવા અઢાર માણસોને પત્ર લખી સાધુ કર્યા. અથવા સુંદરજીનું અભિમાન ઉતારવા શ્રીજીમહારાજે સુરાખાચર, અલૈયાખાચર, માંચાખાચર વગેરે એવાં અઢાર જણને પત્ર લખી સાધુ કર્યાં. (૧૮અ/૩૬)
૮. ડુંગર ભક્ત એકલા મધરાતે ખેતરે ગયા ત્યારે તેમની ઉંમર છ વર્ષની હતી. (૬બ/૫૯)
૯. સ્વામીની વાત સાંભળીને દ્વેષી ઠાકોરે કહ્યું : 'મહારાજ ! આવા કરુણાળુ બીજા કોઈ ન જોયા !' (૮અ/૧૬)
૧૦. સ્વામીએ ઓગણીસ માંદા સંતોની સેવા કરી તેથી શ્રીજી મહારાજ સ્વામીને ઓગણીસવાર ભેટ્યા. (૭અ/૧૪)

**પ્ર.૪. નીચે આપેલાં અવતરણો કોણ, કોને કહે છે તે જણાવો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ**

૧. મૂળજી - પિતાને (ભોળાનાથને) (૨અ/૪) ૨. મહારાજ - ભોળાનાથને (૩અ/૫)
૩. મહારાજ - સૌને (૨૪અ/૪૮) ૪. મહારાજ - દાદાખાચરને (૨૨અ/૪૩)
૫. ડુંગર ભક્ત - સૌને (૭બ/૬૧)

**પ્ર.૫. નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં આપો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- અડધો જવાબ સાચો હોય તો ૧ ગુણ આપવો.**

૧. રામાનંદ સ્વામીએ મૂળજીને જોઈ શું કહ્યું ? (૧અ/૨)

જ. મૂળજી શર્મા સામે જોઈને રામાનંદ સ્વામી બોલ્યા, હું ડુગડુગી વગાડી જેમના આવવાની વાત કરી રહ્યો છું આ તો તેમનો જોડીદાર છે. આ તો બધાનું મૂળ છે. ધન્ય છે એમનાં માતા-પિતાને તથા મને કે એમનાં દર્શન થયા.

૨. સુરતમાં મુક્તાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી પર શાથી ખુશ થયા ? (૬અ/૧૨)

જ. સંતોના ઉતારાની સામે એક હવેલીના કઠેડા ઉપર એક માંકડું બાંધ્યું હતું. બધા સંતોનું ધ્યાન એક વખત તો તેના તરફ ગયું હતું. મુક્તાનંદ સ્વામીનું પણ ધ્યાન તે તરફ ગયેલું પણ ગુણાતીતાનંદ સ્વામીનું ધ્યાન એક પણ વખત ગયું ન હતું.

૩. મુંજો સુરુ સત્સંગી બનવાથી ભરવાડોને શો લાભ થયો ? (૧૦અ/૨૦)

જ. મુંજો સૂરુ ભરવાડોનાં ઘેટાં-બકરાંને આડેધડ મારી નાખતો. તે મુંજો સત્સંગી બન્યો તેથી ભરવાડોનાં ઘેટાં-બકરાં બચી ગયાં.

૪. 'ગુણાતીત' નામનો શું અર્થ થાય ? (૫અ/૯)

જ. ગુણાતીત એટલે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ ત્રણ ગુણથી પર.

૫. શ્રવણ તેના મા-બાપની કઈ રીતે સેવા કરતો ? (૨૦બ/૮૩)

જ. શ્રવણ પોતાનાં મા-બાપને ચરણ-વંદન કરીને ધીરેથી જગાડે પગચંપી કરે, દાતણ કરાવે, સ્નાન કરાવે, ધોયેલાં વસ્ત્રો પહેરાવે, રસોઈ બનાવે, મા બાપને પ્રેમથી જમાડે ને જમે.

## વિભાગ - ૨

**પ્ર.૬. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની આગળના ચોરસ ખાનામાં <u>ફક્ત જવાબ નંબર</u> લખો. (કુલ ગુણ : ૧૦)**

| | | | | |
|---|---|---|---|---|
| **૧.** ૨ (૧૮બ/૭૮) | **૨.** ૩ (૧૪બ/૭૧) | **૩.** ૩ (૧૦બ/૬૬) | **૪.** ૨ (૪બ/૫૬) | **૫.** ૧ (૮બ/૬૨) |
| **૬.** ૪ (૧૩બ/૭૦) | **૭.** ૩ (૭અ/૧૩) | **૮.** ૨ (૧૬અ/૩૧) | **૯.** ૩ (૨૦અ/૪૦) | **૧૦.** ૧ (૨૪અ/૪૭) |

**પ્ર.૭. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો <u>ક્રમાંક</u> પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં <u>ફક્ત જવાબનો ક્રમાંક</u> લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. પુરી બા (૮બ/૬૨) | ૨ | ૧. મૂળજી શર્મા |
| ૨. દિવાળી બા (૧૨બ/૬૮) | ૩ | ૨. યોગીજી મહારાજનાં માતા |
| ૩. હેત બા (૬બ/૫૮) | ૫ | ૩. શાંતિલાલનાં માતા |
| ૪. સાકરબા (૧અ/૨) | ૧ | ૪. દાદાખાચરનાં બહેન |
| ૫. લાડુ બા (૨૨અ/૪૩) | ૪ | ૫. ડુંગરભક્તનાં માતા |

**પ્ર.૮. નીચે આપેલી સ્વામીની વાતો પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- પૂરી વાત સાચી હોય તો જ ગુણ આપવા. અડધી વાત સાચી હોય તો ગુણ ન આપવા.**

૧. ભગવાન ને ભગવાનનાં ભક્તની સેવા, એ બેમાં જ માલ છે. (૧૭બ/૭૫)

૨. ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય, એમ મહારાજ કહેતા. (૧૭બ/૭૫)

૩. આ લોકમાં ડાહ્યો તો કોઈ પ્રભુ ભજતો નથી ને જે ગાંડો થાય તે ભજે છે. (૧૭બ/૭૫)

૪. ભગવાન ભજવા હોય તેનાથી બધાની મરજી રાખી શકાય નહિ. તેનાથી તો ભગવાનની મરજી સચવાય. (૧૭બ/૭૫)

૫. પાંચ-દશ વાર 'સ્વામિનારાયણ - સ્વામિનારાયણ' નામ જાણ્યે અજાણ્યે લેશે તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે. (૧૭બ/૭૫)

**પ્ર.૯. નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ભોળા થઈને કરીએ અમે તો, ભાત ભાતની ભૂલો, (૨)
પણ તુજને ન ભૂલીએ હરદમ, અમે ચડાવીએ ફૂલો, (૨)
એ ફૂલોમાં મૂકીએ અમે તો (૨) હરદમ પ્રાણ અમારા..... (૧બ/૫૩)

૨. આચારઃ પરમો ધર્મઃ આચારઃ પરમં તપઃ ।
આચારઃ પરમં જ્ઞાનં આચારાત્ કિં ન સાધ્યતે ॥ (૫બ/૫૮)

૩. કાજુ કમોદના ભાત કર્યા, મેં તો દાળ કરી બહુ સારી,
લીંબુ કાકડીનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠિયાવાડી. ...... (૧૦બ/૬૬)

૪. ઢોલ નોબત વાજાં વગાડી શ્રીજી મહિમા ગાશું,
ધજા રાખી ઊંચે ઊંચે, દુનિયામાં લઈ જાશું....
સુખ આવે દુઃખ આવે, કોઈની ફિકર નથી,
અક્ષરધામમાં જાવું અમારે, સ્વામી પ્યારા સાથી. (૨૨બ/૮૬)

૫. નથી ડરતા નથી કરતાં, અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.
અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષર પુરુષોત્તમ ગુણાતીત ગાનને ગાઈશું. (શૌર્યગીત)

**પ્ર.૧૦.નીચે આપેલા પાઠમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. કલ્યાણના દાતા (૧૧અ/૨૧)** સ્વામી સાધુ મંડળી સાથે ફરતાં ફરતાં એક ગામમાં આવ્યા. તે ગામના ભગુભાઈ પટેલ કુતૂહલવશ કથા સાંભળવા આવ્યા. સ્વામીને કહે તમારે ઊતરવાનાંય ઠેકાણાં નથી તો અહીં રહો રામરોટી બાંધી દઉં અને ઘીની હાંડલી અખંડ તમારી સેવામાં રાખું ! સ્વામી હસીને કહે આ સાધુ એમાં બંધાય તેવા નથી અમે તો કલ્યાણના દાતા છીએ. સ્વામીએ ભગુભાઈને વરતાલ આવવા કહ્યું પણ તેમણે કહ્યું મારે નાહવા ઊનું પાણી તથા ઊની રોટલી જોઈએ. સ્વામીએ તે સગવડ પણ સાચવવા કહ્યું પણ ભગુભાઈ ના આવ્યા. આ બાજુ ભગુભાઈના એક સાથીએ ચોરી કરી હશે તે પકડાયો અને ભગુભાઈને તેનો મળતિયો ગણી જેલમાં લઈ ગયા બે મહિને છૂટ્યા ત્યાર બાદ સ્વામીને દર્શને વરતાલ આવ્યા. ત્યારે સ્વામીએ કહ્યું ઊના પાણી અને ઊની રોટલીનો કેવો જોગ થયો ! ત્યારે ભગુભાઈએ કહ્યું તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યુ તેથી આમ થયું. આમ સ્વામીની આજ્ઞાનો મર્મ તત્કાળ સમજાય કે ન સમજાય પણ એ આપણા કલ્યાણના દાતા છે એમ સમજીને આજ્ઞા માથે ચડાવવી.

**૨. દાસનું લક્ષણ શું ? (૧૭અ/૩૩)** સુંદરજી સુતાર કચ્છના રાજકુંવરને પરણાવવા નીકળ્યા. રસ્તામાં ખબર પડી કે બાજુના ગામમાં મહારાજ પધાર્યા છે. તે દર્શને પહોંચ્યા. મહારાજ કહે, ‘‘કોણ એ ?’’ સુંદરજી કહે, ‘‘આપનો દાસ.’’ મહારાજ કહે, ‘‘દાસનું લક્ષણ શું ?’’ સુંદરજી કહે, ‘‘કહે તેમ કરે.’’. પછી મહારાજ કહે, ‘‘જાવ માથું-મૂછ મૂંડાવી સાધુ થાવ અને સીધા કાશી જાવ.’’ સુંદરજીએ તો દાઢી-મૂછ મૂંડાવી ભગવાં પહેરી કાશી તરફ ચાલવા માંડ્યું. મુક્તાનંદ સ્વામી કહે, ‘‘મહારાજ, આ શું કર્યું ? એ તો રાજકુંવરને પરણાવવા જતા હતા ને તમે મૂંડી નાંખ્યા. આ ઠીક ન કર્યું.’’ મહારાજ કહે, ‘‘પાછા બોલાવો.’’ સુંદરજીને પાછા બોલાવ્યા અને ભગવાં ઉતારીને અસલ વસ્ત્રો પહેરાવી તેમનો ખભો થાબડ્યો. જાનવાળા પૂછે કે આ શું કર્યું ? તો સુંદરજી કહે, ‘‘મારે માતાની બાધા હતી તે મોવાળા ઉતારી નાંખ્યાં.’’ આવા હતા મહારાજના ભક્તો.

**૩. સ્વામીને શું ગમે ? (૨૧બ/૮૪)** (૧) આપણે ઉઠતાંની સાથે ‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ’ બોલીને ઉઠવું. (૨) નાહી-ધોઈ સ્વચ્છ કપડાં પહેરીને તિલક-ચાંદલો કરવો, પૂજા-પાઠ કરવાં. (૩) બીજા ગમે તેમ બોલે પણ તિલક-ચાંદલો કરવો. (૪) માળા કરવી, દંડવત્ કરવા. (૫) અભ્યાસનું કામ કરીને સ્કૂલમાં જે ભણાવે તે ધ્યાનથી ભણવું. (૬) સ્કૂલમાં જે શિખવાડયું હોય તે ફરીથી વાંચી જવું. (૭) ગંદકી ન કરવી. (૮) મંદિર હોય તો દર્શને જવું. (૯) સંતોની સેવા કરવી. સાફસૂફી કરવી. કથા કરવી. (૧૦) સંતનાં આશીર્વાદ મેળવવા અને મા-બાપનાં આશીર્વાદ મેળવવા. (૧૧) સિનેમા ન જોવી. (૧૨) બાળમંડળમાં જવું. (૧૩) નિયમો પાળવા, કીર્તન કરવા, પ્રાર્થના કરવી. (૧૪) સંત-સમાગમ કરવો. (૧૫) તોફાન ન કરવું. (૧૬) ભજન અને અભ્યાસ કરવાં.

**☞ નોંધ :- સારા, સ્વચ્છ અને સુંદર અક્ષરનાં પાંચ ગુણ આપવાનું ભૂલાય નહીં.**

❑ ❑ ❑